વર્ષ ૨૦૨૦-૨૧ની નવી બાબત.

૮૦% થી વધુ માનસિક દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓને આવકમર્યાદાના બાધ સિવાય માસિક રૂ.૧૦૦૦/- સહાય આપવા બાબતે કુલ રૂ.૧૦૮૦.૦૦ લાખ ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-અપગ/૧૦૨૦૨૦/૩૭૫૭૬/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૧૮/૦૭/૨૦૨૦.

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૩૧/૦૭/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક : અપગ/ ૧૦૨૦૧૩ /૮૬૭૧૭૯/ન.બા.-૧૨ થી ૧૪/છ.૧

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૦૧/૦૪/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક : અપગ/ ૧૦૨૦૧૬ /૬૯૯૫૯૧/ન.બા૧/છ.૧

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૧૫/૦૪/૨૦૨૦નો પત્ર નં.યજન/નવી બાબત-વહીવટી મંજુરી/૨૦-૨૧/૮૨.

આમુખ-

ઈન્દિરા ગાંધી નેશનલ ડીસેબીલીટી પેન્શન સ્કીમમાં રાજ્યના ૧૮ થી ૭૯ વર્ષના દિવ્યાંગ લાભાર્થીઓને ભારત સરકાર દ્વારા રૂ.૩૦૦/-ની સહાય આપવામાં આવે છે અને રાજ્ય સરકાર દ્વારા રૂ.૨૦૦/-ની સહાય આપવામાં આવતી હતી, તેમાં વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૩૧/૦૭/૨૦૧૪ના ઠરાવથી રાજ્ય સરકારની રકમમાં રૂ.૧૦૦/-નો વધારો કરીને રૂ.૩૦૦/- કરવામાં આવેલ છે અને કુલ રકમ રૂ.૬૦૦/- કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૭ના ઠરાવથી રાજ્ય સરકારની સંત સુરદાસ યોજનામાં રાજ્યના ૦ થી ૧૭ વર્ષ સુધીના દિવ્યાંગ લાભાર્થીઓને મળતી રૂ.૪૦૦/-ની સહાયમાં રૂ.૨૦૦/-નો વધારો કરી કુલ રૂ.૬૦૦/- સહાય આપવા બાબતે ઠરાવવામાં આવેલ છે.

૮૦% થી વધુ માનસિક દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓને આવકમર્યાદાના બાધ સિવાય માસિક રૂ.૧૦૦૦/- સહાય આપવા બાબતે કુલ રૂ.૧૦૮૦.૦૦ લાખ ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા બાબતે વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના તા.૧૫/૦૪/૨૦૨૦ના પત્રથી કરવામાં આવેલ નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક (૩) પરના તા.૧૫/૦૪/૨૦૨૦ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને ૮૦% થી વધુ માનસિક દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓને આવકમર્યાદાના બાધ સિવાય માસિક રૂ.૧૦૦૦/- સહાય આપવા બાબતે કુલ રૂ.૧૦૮૦.૦૦ લાખ ખર્ચ કરવાની આથી નીચેની વિગતો/શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

દિવ્યાંગોને સહાય આપવાની નીચે મુજબની બે યોજના અમલમાં છે.

(૧) રાજ્ય સરકારની સંત સુરદાસ યોજનામાં ૦ થી ૧૮ વર્ષની વયમર્યાદા, ૦ થી ૨૦ બીપીએલ સ્કોર, ૮૦% થી વધુ દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓને માસિક રૂ.૬૦૦/- સહાય આપવામાં આવે છે. (૧૦૦ ટકા રાજ્ય પુરસ્કૃત)

(૨) ઈન્દિરા ગાંધી નેશનલ ડીસેબીલીટી પેન્શન યોજનામાં ૧૮ થી ૭૯ વર્ષની વયમર્યાદા, ૦ થી ૨૦ બીપીએલ સ્કોર, ૮૦% થી વધુ દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓને રૂ.૩૦૦.૦૦ રાજ્ય સરકાર અને રૂ. ૩૦૦.૦૦ ભારત સરકારના એમ કુલ મળી કુલ રૂ.૬૦૦/- માસિક સહાય આપવામાં આવે છે.

ઉક્ત જણાવેલ બન્ને યોજનાઓ પૈકી ૦ થી ૭૯ વર્ષના તમામ ૮૦% થી વધુ માનસિક દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓને આવકમર્યાદાના બાધ સિવાય માસિક રૂ.૧૦૦૦/- સહાય આપવાની રહેશે.

શરતો:

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો-પરિપત્રો અને નિયમોની જોગવાઈ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતીની જોગવાઈનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ અને ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ યોજના અન્વયે મંજુર થયેલ મહેકમ વધુ સમય ચાલુ રાખવા અંગે અલગથી દરખાસ્ત રજુ કરી મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૧) આ યોજના અંગેનુ ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૦ થી કરવાનું રહેશે.

(૧૨) આ મંજૂરી અન્વયે જો કોઈ પણ વસ્તુની ખરીદી કરવાની થતી હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા-ધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૧૩) કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓના કિસ્સામાં ભારત સરકાર દ્વારા ખરેખર છુટી થયેલ ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૧૪) યોજનાઓને ચાલુ રાખવા વહીવટી મંજૂરી મળેલ છે તેથી ખર્ચની આપોઆપ મંજુરી મળે છે તેમ માનવું નહિ અને ચાલુ યોજનાઓનો સુચારૂ અમલ થાય તે માટે અસરકારક મોનીટરીંગ કરવાનું રહેશે.

(૧૫) નાણા વિભાગના કરકસર અંગેના તા.૦૬/૦૬/૨૦૨૦ના ઠરાવ ક્ર.ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ-૧થી અપાયેલ સુચનાઓ અનુસાર ખર્ચ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૧૬) આ અંગેનો ખર્ચ બજેટ હેડ માં.ક્ર.૯૨, મુ.સ. ૨૨૩૫-૦૨-૧૦૧-૦૧-એસએસડબ્લ્યુ-૫ હેઠળ રૂ.૬૪૧.૦૦ લાખ તથા માં.ક્ર.૯૨, મુ.સ. ૨૨૩૫-૦૨-૧૦૧-૧૦-એસએસડબ્લ્યુ-૭ હેઠળ રૂ.૧૭૬.૦૦ લાખ તથા માં.ક્ર. ૯૫, મુ.સ.૨૨૩૫-૦૨-૧૦૧-૦૧-એસએસડબ્લ્યુ-૫ હેઠળ રૂ.૮૧.૦૦ લાખ તથા માં.ક્ર. ૯૫, મુ.સ.૨૨૩૫-૦૨-૧૦૧-૦૩-એસએસડબ્લ્યુ-૭ હેઠળ રૂ.૩૪.૦૦ લાખ તથા માં.ક્ર. ૯૬, મુ.સ. ૨૨૩૫-૦૨-૭૯૬-૦૫-એસએસડબ્લ્યુ-૫ હેઠળ રૂ.૧૧૬.૦૦ લાખ તથા માં.ક્ર. ૯૬, મુ.સ.૨૨૩૫-૦૨-૭૯૬-૧૫-એસએસડબ્લ્યુ-૦૭ હેઠળ રૂ.૩૨.૦૦ લાખ એમ કુલ મળી કુલ રૂ. ૧૦૮૦.૦૦ લાખ પાડવાનો રહેશે.

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૩/૦૭/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

patelDC

( ડી. સી. પટેલ )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં.૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમની કચેરી, છઠ્ઠો માળ, બ્લોક નં.૧, એ-૧ વિંગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે નિયામકશ્રી સમાજ સુરક્ષા).
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- ના.સે.અ. સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.